FILE NO.FRC/PRO./2021-22/RJT/RJT/526

DT. 19/12/2022

ફી નિયમન સમિતિ
રાજકોટ ઝોન, રાજકોટ.

24091005808

ધ ગેલેક્સી સ્કૂલ – વાડી
ભાલોડિયા ફાર્મ,
મું.તા. તરઘડી , જી. રાજકોટ – 360110
EMAIL:- finance@tges.org

# નિર્ણય

1. શાળાની ફી અંગેની દરખાસ્ત કમિટીના અધ્યક્ષશ્રી તથા સભ્યો - સંચાલક મંડળના પ્રતિનિધિ એ.ડી.પટેલ, સિવિલ એન્જિનિયર શ્રી વી.સી. પાઠક, શિક્ષણશાસ્ત્રી શ્રી એ.એ.સેતા તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી જી. બી.દેવળીયા સમક્ષ રજૂ કરવામાં આવે છે. આ હુકમ જાહેર કરવાના સમયે સમિતિના સભ્યશ્રીઓએ સહી કરેલ છે.
2. જે.એચ.પી. એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત ધ ગેલેક્સી સ્કૂલ – વાડી રાજકોટમાં કેંબ્રિજ બોર્ડના અભ્યાસક્રમ મુજબ પ્રિ-પ્રાયમરી તથા ધો.1 થી 12 ના વર્ગો અંગ્રેજી માધ્યમમાં ચલાવવામાં આવે છે.
3. સદર શાળાના વર્ષ ૨૦૧૭-૧૮,૨૦૧૮-૧૯ તથા ૨૦૧૯-૨૦ નો ફી નિર્ધારણનો હુકમ પૂર્વગામી ફી નિયમન સમિતિ દ્વારા તા-૨૩/૧૨/૨૦૧૯ નારોજ કરવામાં આવે છે. જે હુકમ ને રીવીઝજન એપ્લીકેશન નં ૧૪૧/૨૦૧૯-૨૦ થી ફી રીવીઝન કમીટી સમક્ષ પડકારવામાં આવેલ જેમાં તા-૨૩/૧૨/૨૦૧૯ નો પૂર્વગામી ફી નિયમન સમિતિનો હુકમ માન્ય રાખવામાં આવેલ અને રીવીઝન અરજી નામંજુર કરવામાં આવેલ. તે તા-૦૪/૦૩/૨૦૨૦ ના ફી રીવીઝન સમિતિ ના હુકમને નામદાર ગુજરાત હાઈકોર્ટ સ્પેસ્યલ એપ્લીકેશન નં.671/21 થી પકકારવામાં આવે જે કામે ફી રીવીઝન સમિતિ તથા પૂર્વગામી ફી નિયમન સમિતિ નો હુકમ રદ ઠરાવી નવેસરથી તમામ ઓડીટ રીપોર્ટ ની ચકાસણી કરી સ્કુગલ ખર્ચ અંગે પણ નવેસરથી નિર્ણય કરવાનો આદેશ કરવામાં આવેલ છે. જે અન્વયે સદર દરખાસ્ત પૂન: હાથ પર લેવામાં આવેલ છે.શાળા સંચાલકશ્રી ને સાંભળેલ છે.
4. શાળાએ રજુ કરેલ સૂચિત ફી નું માળખું નીચે મુજબ છે.

| STD. | MED. | 2017-18 | 2018-19 | 2019-20 |
|---|---|---|---|---|
| PRE-K | ENG | 1,81,500 | 2,00,000 | 2,20,000 |
| K1 | ENG | 1,81,500 | 2,00,000 | 2,20,000 |
| K2 | ENG | 1,59,720 | 2,00,000 | 2,20,000 |
| 1 | ENG | 1,59,720 | 2,10,000 | 2,20,000 |
| 2 | ENG | 1,49,740 | 2,10,000 | 2,32,000 |
| 3 | ENG | 1,49,740 | 2,10,000 | 2,32,000 |

| | | | | |
|---|---|---|---|---|
| 4 | ENG | 1,53,070 | 2,10,000 | 2,32,000 |
| 5 | ENG | 1,53,070 | 2,10,000 | 2,32,000 |
| 6 | ENG | 1,56,390 | 2,40,000 | 2,32,000 |
| 7 | ENG | 1,56,390 | 2,40,000 | 2,64,000 |
| 8 | ENG | 1,59,720 | 2,40,000 | 2,64,000 |
| 9 | ENG | - | 3,00,000 | 2,64,000 |
| 10 | ENG | - | 3,00,000 | 3,30,000 |
| 11 | ENG | - | 3,00,000 | 3,30,000 |
| 12 | ENG | - | - | 3,70,000 |

5. શાળાએ દરખાસ્ત સાથે શાળાને લગતી સામાન્ય માહિતી, વિદ્યાર્થી- શિક્ષકો- વર્ગો ની સંખ્યા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, નાણાકીય માહિતી વગેરે રજૂ કરેલ છે.
6. શાળાએ વર્ગ મંજુરીના હુકમો તથા વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૧૯-૨૦ ના ઓડિટ રિપોર્ટ,તથા ખર્ચને લગતા લેઝર રીપોર્ટ રજુ કરેલ છે.
7. ટ્રસ્ટનો નોંધણીનો દાખલો રજૂ કરેલ છે.
8. ઉપરોક્ત તમામ લેખિત આધારો વંચાણે લીધા.
9. શાળાએ રજુ કરેલ ઓડિટ રિપોર્ટમાં નીચેની વિગતો નોંધનીય છે.

| INCOME &EXPENDITURE | 2017-18 in lac | 2018-19 in lac | 2019-20 in lac |
|---|---|---|---|
| FEES INCOME | 1329.81 | 2049.88 | 2236.35 |
| OTHER INCOME | 2.01 | 14.77 | 11.99 |
| INTREST | - | - | 31.05 |
| RTE | - | - | 1.70 |
| MISE.INCOME | - | - | 6.04 |
| TOTAL INCOME | 1331.82 | 2073.99 | 2287.46 |
| CONTRACTOR EMPLOYEE | 82.82 | 122.22 | 102.53 |
| P.F. | 44.45 | 170.67 | - |
| STAFF FEE SUBSIDY | 83.26 | 161.31 | - |
| SALARY | 585.43 | 913.92 | 1425.12 |
| CONSULTANCY CHARGES | 6.06 | 1.64 | 18.17 |
| TECHNOLOGY & TRAINING | 9.84 | 28.85 | 43.13 |
| STATIONARY & PRINTING | 9.43 | 14.47 | 18.62 |
| STAFF WELFARE | 3.32 | 1.26 | - |
| REPAIR & MAINTENANCE | 64.82 | 161.01 | 52.70 |
| UNIFORM EXP. | 2.37 | - | - |
| DEPRECIATION | 8.25 | 111.95 | 145.14 |
| COMPUTER & PRINTER | 40.10 | 10.78 | - |
| RENT EXP. | 37.31 | 115.07 | 143.53 |

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE

| | | | |
|---|---|---|---|
| FUNCTION / FESTIVAL | 55.22 | 73.95 | 42.66 |
| EDU. ACTIVITY | 2.84 | 50.90 | 36.93 |
| MISC.EXP. | 14.60 | - | - |
| RTE STUDENTS FEE LOSS | - | 48.86 | 60.91 |
| FEES RETURN OFF | - | 2.96 | 10.51 |
| TOTAL EXP | 1166.62 | 2111.13 | 2429.11 |
| PROFIT/LOSS | +165.19 | -37.14 | -141.64 |

10. શાળામાં વર્ષ 2017-18,2018-19 તથા 2019-20 માં વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ દર્શાવેલી છે.

| વિદ્યાર્થીની સંખ્યા | | |
|---|---|---|
| 2017-18 | 2018-19 | 2019-20 |
| 950 | 1148 | 1296 |

11. જે.એચ.પી. એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સ્કૂલમાં પ્રી પ્રાઇમરીથી હાયર સેકન્ડરી ના વર્ગો ચલાવવામાં આવે છે જેના એકત્રિત હિસાબો રજૂ કરેલ છે.

12. ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, 2017 તેમજ તે અંતર્ગત ગુજરાત સ્વનિર્ભર શાળા ( ફિ નિયમન) નિયમો, 2017 અમલમાં આવ્યા બાદ ગુજરાત રાજ્યની તમામ શાળાઓએ ફિ નીયમન સમિતિ સમક્ષ શાળાએ જે ફી લેવા માંગતા હોય તેવી ફિની દરખાસ્ત નિયત કરેલ ફોર્મ નંબર ર માં નિયત કરેલ વિગતો સાથે દરખાસ્ત કરવાની જોગવાઈ કરેલ છે. તે અન્વયે શાળા દ્વારા પ્રથમ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

13. શાળાએ રજૂ કરેલ વિગતોમાં ફોર્મ નંબર 2 માં જુદા જુદા ચાર ભાગમાં વિગતો રજૂ કરવામાં આવેલ છે, તે શિક્ષણ શાસ્ત્રી શ્રીએ શિક્ષકો, વર્ગ, વિદ્યાર્થી ની સંખ્યા, વર્ગ મંજૂરી ના હુકમ, શાળા મંજૂરીના હુકમ વિગતોની, ચાર્ટર્ડ એકાઉન્ટશ્રીએ રજુ કરેલ હિસાબોની, સિવિલ એન્જિનિયર શ્રી એ શાળામાં ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ, શાળાના મકાનના મંજૂર થયેલા પ્લાન, ભાડાની વિગત, ભાડા કરાર વિગેરે વિગતોની તથા શાળા સંચાલક મંડળના પ્રતિનિધિશ્રીએ શાળાનુ સંચાલન કરનાર ટ્રસ્ટને લગતી વિગતોની ચકાસણી કરેલ છે.

14. શાળાએ ઉધારેલ જુદા જુદા ખર્ચની વિગતવાર ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

15. સ્ટાફ સેલેરી ખર્ચ 17 18 માં 50% જેવો ખર્ચ 18 - 19 માં 43% જેવો ખર્ચ અને 19 -20 માં 45% જેવો ખર્ચ કુલ ખર્ચ માંથી ખર્ચ કરેલ છે. શાળા માં જે તે સમયે શૈક્ષણિક સ્ટાફ વગેરે ની સંખ્યા ધ્યાને લીધા પગાર ખર્ચ મંજુર કરવામાં આવે છે.

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE

16. **JHP** એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત ધ ગેલેક્સી સ્કૂલ – વાડીમાં પ્રિ-પ્રાયમરીથી હાયર સેકન્ડરીનાં વર્ગો ચલાવવામાં આવે છે. જેનાં એકત્રિત હિસાબો રજૂ કરવામાં આવે છે.

17. વર્ષ 2019-20નાં ઓડિટ રિપોર્ટમાં કુલ ખર્ચ માંથી મહતમ ખર્ચ પગાર ખર્ચ દર્શાવેલ છે. દર્શાવેલ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફની સંખ્યા ધ્યાને લેતા પગાર ખર્ચ મજરે મળવાપાત્ર છે.

18. શાળાનો પ્રિ-પ્રાયમરી વિભાગ ભાડાના બિલ્ડિંગમાં કાર્યરત છે. ભાડા ખર્ચ રૂ. 143.53 લાખ દર્શાવેલ છે. જેનો ભાડાકરાર રજૂ કરવામાં આવેલ છે. શાળા સંચાલકશ્રીએ રજૂઆત કરેલ છે કે સ્કૂલ બિલ્ડીંગનાં માલિક, ટ્રસ્ટ કે ટ્રસ્ટીઓ સાથે વ્યાવસાયિક રીતે કે સંબંધથી જોડાયેલ નથી, તેમજ શાળાએ વાસ્તવમાં ભાડાકરાર મુજબ ભાડું ચૂકવેલ હોય તે મંજૂર કરવા રજૂઆત કરેલ છે.શાળા સંચાલકશ્રીએ ઇન્સ્પેકશન દરમ્યાન શાળાની બિલ્ડિંગનાં માલિકો ટ્રસ્ટી/ટ્રસ્ટ સાથે કોઈ રીતે સંકળાયેલ નથી તેવું સોગંદ પર જાહેર કરતું સોગંદનામું રજૂ કરેલ છે.

19. શાળાએ કોન્ટ્રાકટર એમ્પ્લોઈ ખર્ચ દર્શાવેલ છે. જે વર્ગ 4 નાં કર્મચારીનો ખર્ચ છે. જે માન્ય રાખવામાં આવે છે. જેમાં સિક્યોરિટી, આયાબેન, ડ્રાઈવર, કંડક્ટર્સ, ગાર્ડનીંગ, ઇલેક્ટ્રીક રિપેરિંગ વગેરેના ખર્ચ છે.

20. શાળાએ કન્સલ્ટન્સી ખર્ચ દર્શાવેલ છે. જેનાં લેઝર રિપોર્ટ રજૂ કરેલ છે. જુદા-જુદા એકેડેમીક કન્સલ્ટેશન માટે કરેલ ખર્ચનાં પેમેન્ટની વિગત દર્શાવેલ છે. જે તમામ ખર્ચનો વિદ્યાર્થી પર બોજ નાખવો વ્યાજબી નથી. 25% ખર્ચ સંસ્થાએ ઉઠાવવો જોઈએ જેથી તેટલી રકમઅમાન્ય કરવામાં આવે છે.

21. તેજ રીતે ટેક્નોલોજી & ટ્રેનીંગ ખર્ચ પેટે રૂ. 43.13 લાખ દર્શાવેલ છે. તે ખર્ચમાં 25% સંસ્થાની જવાબદારી ઠરાવવામાં આવે છે. જેથી ૨૫ ટકા ખર્ચ અમાન્ય કરવામાં આવે છે.

22. સ્ટેશનરી ખર્ચ તથા પ્રિન્ટીંગ ખર્ચ વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને લેતા ખર્ચ માન્ય કરવામાં આવે છે.

23. રિપેર્સ/મેઇનટેનન્સનો દર્શાવેલ છે. જે લેઝર રિપોર્ટ ચકાસતા સંબંધિત કોન્ટ્રાકટરને ચૂકવેલ છે. તેમાં વિગતવાર ચેકથી કરેલ પેમેન્ટ દર્શાવેલ છે જે માન્ય રાખવામા આવે છે.

24. એજ્યુકેશન એક્ટિવિટી ખર્ચ દર્શાવેલ છે. તેમાં ઇકોનોમિક વિકર સેક્શનનાં સ્ટુડન્ટનો સબસીડાઈઝ ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ છે.જે ખર્ચ ની જવાબદારી સંસ્થાની ઠરાવવામાં આવે છે જેથી કુલ ખર્ચમાંથી ૧૦ ટકાં ખર્ચ અમાન્ય કરવામાં આવે છે.

25. જે તે વર્ષના કુલ ખર્ચમાંથી અમાન્ય ખર્ચ બાદ કરતા કુલ માન્ય ખર્ચ આધારિત વિદ્યાર્થીદીઠ ખર્ચ ,તેમાં વ્યાજબી વધારો તથા પર્યાપ્ત ફંડની જરૂરીયાત ધ્યાને લેતા નીચે મુજબ ફી મંજુર કરવામાં આવે છે.

OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE

| STD. | MED. | APPROVED BY FRC 2017-18 | APPROVED BY FRC 2018-19 | APPROVED BY FRC 2019-20 |
|---|---|---|---|---|
| PRE-K | ENG | 1,81,500 | 1,99,700 | 1,99,700 |
| K1 | ENG | 1,81,500 | 1,99,700 | 1,99,700 |
| K2 | ENG | 1,59,720 | 1,99,700 | 1,99,700 |
| 1 | ENG | 1,59720 | 1,75,700 | 1,88,000 |
| 2 | ENG | 1,49,740 | 1,75,700 | 1,88,000 |
| 3 | ENG | 1,49,740 | 1,64,700 | 1,76,230 |
| 4 | ENG | 1,53,070 | 1,64,700 | 1,76,230 |
| 5 | ENG | 1,53,070 | 1,68,400 | 1,80,190 |
| 6 | ENG | 1,56,390 | 1,68,400 | 1,84,040 |
| 7 | ENG | 1,56,390 | 1,72,000 | 1,84,040 |
| 8 | ENG | 1,59,720 | 1,72,000 | 2,16,300 |
| 9 | ENG | - | 2,10,000 | 2,36,000 |
| 10 | ENG | - | 2,36,000 | 2,36,000 |
| 11 | ENG | - | 3,00,000 | 2,85,210 |
| 12 | ENG | - | - | 2,85,210 |

26. ઘણા લાંબા સમયે વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ ની ફી અંગે હુકમ કરવામાં હોઈ શાળાએ સુનાવણી દરમ્યાન વિદ્યાર્થી/વાલીઓ નાં હિતમાં ૨૦૧૭-૧૮,૨૦૧૮-૧૯,૨૦૧૯-૨૦ ની જે ફી મંજુર કરવામાં આવશે તેમાં વધુ લીધેલ ફી કે ઓછી લીધેલ ફી સરભર કરવામાં આવશે પરંતુ વિદ્યાર્થી પાસે રીકવર કરવામાં આવશે નહીં તેવી શાળા દ્વારા બાહેંધરી અપાયેલ છે.

27. શાળાએ હુકમમાં દર્શાવ્યા મુજબ નિયત કરેલ ફી લીધી છે, તે સબબનુ એફિડેવિટ દિન 30 માં લગત કચેરી મારફતે અત્રે રજુ કરવાનું રહેશે. તેમજ વધુ વસુલેલ ફી જે વિદ્યાર્થીઓનો અભ્યાસ આગળના વર્ષે ચાલુ રહેલ હોય તેની વસૂલ, મળવાપાત્ર ફી ની સામે મજરે આપેલ છે અને જે વિદ્યાર્થી શાળા છોડી ગયેલ છે તે વિદ્યાર્થી/વાલીને બેન્કિંગ ચેનલથી વધુ વસૂલેલી ફી રિફંડ કરેલ છે તે સબબનુ સોગંદનામું આ હુકમ મળે તેનાં દિન – 30 માં રજુ કરવાનું રહેશે .

ઉપર મુજબની ફી મજરે આપવાના કિસ્સામાં ક્યા વર્ષ ની વસુલવા પાત્ર ફીની સામે કેટલી રકમ મજરે આપી તે અને શાળા છોડી ગયાનાં કિસ્સામાં રિફંડપાત્ર રકમ, ચેક/ આર.ટી.જી.એસ./ ડી. ડી. નંબર, રકમ બેંકમાંથી ઉપાડ્યાની તારીખ આ તમામ વિગતો દરેક વિદ્યાર્થી ના નામ જોગ સી.એ.સર્ટિફાઇડ સ્ટેટમેન્ટ ના સ્વરૂપે રજૂ કરવાની રહેશે અને આ સંપૂર્ણ રકમ ત્યાર પછીના વર્ષના હિસાબોમાં વસૂલી ફી રિફંડ ખાતુ એવા હેડમાં અલગથી દર્શાવવાનું રહેશે.

આગામી વર્ષમાં આ કચેરીમાં રજૂ કરતી વખતે ઉપર મુજબનું સોગંદનામું અને સી.એ. નું સર્ટીફીકેટ અચૂક રજૂ કરવાનું રહેશે .

28. અત્રેની સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ એમ બંને ભાષામાં નોટિસ બોર્ડ તથા શાળાના વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.



OFFICE OF THE FEE REGULATORY COMMITTEE RAJKOT ZONE

29. અત્રેની ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરેલ ફી કરતા વધુ ફી શાળાએ મેળવેલ હોય તે વિદ્યાર્થી અથવા તેના વાલીને દિન 30 માં પરત આપવાની અથવા સરભર કરવાની રહેશે.

30. શાળા એક સાથે માત્ર એક ત્રિમાસિક ફી લઇ શકશે તેનાથી વધુ ફી લેવામાં આવશે તો સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ - 2017ની જોગવાઈ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

31. નિયત કરેલ ફી સંબંધે સ્પષ્ટતા કરવાની કે આ ફી નામદાર સુપ્રીમ કોર્ટના હુકમને આધિન રહેશે..

32. આ હુકમ થી જો તમે નારાજ હોય તો હુકમ મળ્યાના દિવસ 21 માં ફી રિવિઝન કમિટી (રાજ્યકક્ષા), બ્લોક 1, વિંગ બી-1, છઠ્ઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર – 10એ ગાંધીનગર ખાતે ફોર્મ નં. 5માં જરૂરી આધારો સાથે રૂ. 10000 પ્રોસેસ ફી ભર્યાનું અસલ ચલણ જોડી રિવિઝન કરી શકાશે.

SD/-
અધ્યક્ષ
ફી નિયમન સમિતિ રાજકોટ ઝોન,રાજકોટ.
( નિવૃત જિલ્લા ન્યાયધીશ)

ખરી નકલ (હુકમથી)

(વી.જે.બાબરીયા)
ફરજ પરના અધિકારી
ફી નિયમન સમિતિ રાજકોટ ઝોન,રાજકોટ.